-: જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩(૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ:**

**નંબર : વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૬૪ /૨૦૧૮**

હુકમ :-

અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

અમદાવાદ શહેરમાં હાલમાં નવરાત્રીનો તહેવાર ચાલતો હોય અને આગામી દિવસોમાં દશેરા જેવો તહેવાર આવતો હોય જેમાં વિવિધ ધાર્મિક શોભાયાત્રાઓ નીકળતી હોય તેમજ રેલીઓ, ધરણા, દેખાવો, વિરોધના વિવિધ કાર્યક્રમો કરવામાં આવતા હોય તથા વિવિધ સરકારી એજન્સીઓ દ્વારા તેમજ અન્ય રીતે કાયદો વ્યવસ્થાને અસરકર્તા હોય તેવી ગતિવિધિ,પ્રવુતી અંગે તેમજ આતંકવાદી,ભાગફોડીયા પ્રવુતીની ગતિવિધિ અંગે મળતા ઇનપુટને લક્ષમાં લેતા શહેરમાં કોઇપણ પ્રકારની સુલેહશાંતીનો ભંગ ન થાય,જાહેર સલામતી,જાહેર વ્યવસ્થા,કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે હેતુસર,

વાસ્તે હું એ.કે સિંઘ,પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ગુજરાત સરકારના ગૃહ વિભાગનાં તા.૦૮.૧૧.૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭. ૦૧.૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નં.૨)ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૩૭(૩) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તા.૧૮.૧૦.૨૦૧૮ ના ક.૦૦.૦૦ વાગ્યાથી તા.૦૧.૧૧.૨૦૧૮ ના ક.૨૪.૦૦ વાગ્યા સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ, અગર કોઇ સભા ભરવી કે, બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

<u>વિસ્તાર</u> : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

<u>અપવાદ</u> : આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતનાં ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધિ કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૫/૧૦/૨૦૧૮ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(એ.કે સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર